


| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RCB | 5 | 4 | 1 | 0 | 8 | 1.503 |
| RR | 5 | 4 | 1 | 0 | 8 | 0.889 |
| PBKS | 4 | 3 | 0 | 1 | 7 | 0.720 |
| SRH | 5 | 2 | 3 | 0 | 4 | 0.576 |
| DC | 4 | 2 | 2 | 0 | 4 | 0.322 |
| GT | 4 | 2 | 2 | 0 | 4 | -0.029 |
| LSG | 5 | 2 | 3 | 0 | 4 | -0.804 |
| CSK | 5 | 2 | 3 | 0 | 4 | -0.846 |
| MI | 4 | 1 | 3 | 0 | 2 | -0.772 |
| KKR | 5 | 0 | 4 | 1 | 1 | -1.383 |

# BCCIની જેમ MCA દ્વારા વાર્ષિક કોન્ટ્રાક્ટ સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય

**મુંબઇ** ક્રિકેટ એસો દ્વારા A, B અને C કેટેગરી હેઠળ ખેલાડીઓને કોન્ટ્રાક્ટ આપવામાં આવશે

**A કેટેગરીમાં** 12થી 20 લાખ Bમાં 8થી 12 લાખ અને Cમાં 8 લાખ રૂપિયા વાર્ષિક ચૂકવાશે

મુંબઇ, તા. 16 : મુંબઇ ક્રિકેટ એસોસિએશન (એમસીએ)એ તેના ખેલાડીઓ માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ની જેમ વાર્ષિક કોન્ટ્રાક્ટ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ કોન્ટ્રાક્ટ આ વર્ષથી 2026-27 સુધી અમલમાં રહેશે. એમસીએ દ્વારા ત્રણ કેટેગરી A, B અને C. હેઠળ, ખેલાડીઓને નિશ્ચિત પગાર ચૂકવવામાં આવશે. આ નિર્ણયથી હવે મુંબઈના ખેલાડીઓ માટે નોંધપાત્ર ફાયદો થયો છે, અને રાજ્યના ખેલાડીઓને ત્રણ ગણો પગાર મળશે. આ નિર્ણય લગભગ 34 અન્ય સંગઠનો માટે એક મિસાલ સ્થાપિત કરે છે. આ નિર્ણય અન્ય રાજ્ય સંગઠનો પર સમાન નિર્ણયો અપનાવવા માટે દબાણ વધારશે.

એમસીએની કેટેગરીમાં ગ્રેડ A હેઠળ કરારબદ્ધ ખેલાડીઓને વાર્ષિક 12-20 લાખ રૂપિયા, ગ્રેડ B હેઠળના ખેલાડીઓને વાર્ષિક 8-12 લાખ રૂપિયા અને ગ્રેડ C હેઠળના રાજ્યના ખેલાડીઓને વાર્ષિક 8 લાખ રૂપિયા ચૂકવવામાં આવશે. જેમાં રણજી ટ્રોફી, વિજય હજારે ટ્રોફી, મુશ્તાક અલી ટ્રોફીમાં રમી રહેલા ખેલાડીઓ અથવા ત્રણેય ફોર્મેટમાં તેમના રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતા ચોક્કસ ખેલાડીઓને ધ્યાનમાં લેવામાં આવશે.

### ખેલાડીઓની ફી ત્રણ ગણી વધી ગઈ

અગાઉ, એસોસિએશને તેના ખેલાડીઓને બીસીસીઆઇ તરફથી ચૂકવાતી મેચ ફી જેટલી જ રકમ ચૂકવવાનો નિર્ણય લીધો હતો. ભારતીય બોર્ડ દરરોજ 40,000 થી 60,000 ચૂકવે છે. ફી ખેલાડીએ રમેલી મેચોની સંખ્યા પર આધાર રાખે છે. હવે, એમસીએ પણ આ આધારે ચૂકવણી કરશે. આનો અર્થ એ થયો કે, બીસીસીઆઇ તરફથી મેચ ફી ઉપરાંત, ખેલાડીઓને રાજ્યની ફી અને વાર્ષિક કરારની રકમ પણ મળશે.

### મુંબઈ ક્રિકેટરો માટે કોન્ટ્રાક્ટ નક્કી કરનારું પ્રથમ રાજ્ય બન્યું

એમસીએ તેના ક્રિકેટરો માટે કરાર લાગુ કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે. જોકે, એસોસિએશને ખેલાડીઓને કરાર મેળવવા માટે કેટલીક શરતો નક્કી કરી છે. જેમાં સામેલ છે કે ખેલાડીઓએ એમસીએમાં નોંધણી કરાવવી આવશ્યક છે અને એસોસિએશન દ્વારા નિર્ધારિત લઘુત્તમ ફિટનેસ ધોરણોને પણ પૂર્ણ કરવા આવશ્યક છે. વધુમાં, જે ખેલાડીઓ છેલ્લા બે વર્ષમાં ટીમ ઈન્ડિયા અથવા આઈપીએલ માટે રમ્યા હોય તેઓ આ કરાર માટે પાત્ર રહેશે નહીં.

# ડી કોકની સદીથી મુંબઈએ મૂક્યો 196 રનનો લક્ષ્યાંક

**12 રનમાં** બે વિકેટ ગુમાવનાર મુંબઇ ઇન્ડિયન્સને ડિ કોક અને નમન ધીરે શતકીય ભાગીદારીથી 195 રન સુધી પહોંચાડ્યું

**ઓપનીંગમાં** ઉતરેલો ડિ કોક 112 રને નોટઆઉટ રહ્યો, નમન ધીરે 31 બોલમાં 50 રનની જોરદાર ઇનિંગ રમી



મુંબઈ, તા. 16 : આઈપીએલમાં આજે ગુરૂવારે અહીંના વાનખેડે સ્ટેડિયમ પર રમાઇ રહેલી એક મેચમાં ઓપનર ક્વિન્ટન ડી કોકની ધમાકેદાર નોટઆઉટ સદી અને નમન ધીર સાથેની તેમની શતકીય ભાગીદારીની મદદથી મુંબઈ ઈન્ડિયન્સે છ વિકેટે 195 રન બનાવીને પંજાબ કિંગ્સ સામે 196 રનનો લક્ષ્યાંક મૂક્યો હતો.

પંજાબ કિંગ્સે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધા પછી પ્રથમ બેટિંગ કરવા ઉતરેલા મુંબઇ ઈન્ડિયન્સે ત્રીજી ઓવરમાં સતત બે બોલ પર રાયન રિકલ્ટન અને સૂર્યકુમાર યાદવની વિકેટ ગુમાવી હતી. 12 રન પર બે વિકેટ ગુમાવીને મુશ્કેલીમાં મુકાયેલા મુંબઈ ઈન્ડિયન્સ વતી વર્તમાન સિઝનમાં પોતાની પહેલી મેચ રમી રહેલા ડી કોકે 60 બોલમાં સાત છગ્ગા અને આઠ ચોગ્ગાની મદદથી નોટઆઉટ 112 રન બનાવ્યા, ઉપરાંત 31 બોલમાં 50 રનની ઈનિંગ રમનારા નમન ધીર સાથે ત્રીજી વિકેટની ભાગીદારીમાં 122 રન જોડીને મુંબઈની મુશ્કેલી હળવી બનાવી હતી. જો કે આ બે સિવાય મુંબઈનો અન્ય કોઈ બેટ્સમેન પીચ પર ટકીને રમી શક્યો નહોતો. પંજાબ તરફથી અર્શદીપ સિંહ સૌથી સફળ બોલર રહ્યો, તેણે 22 રન આપીને ત્રણ વિકેટ લીધી હતી.

### શ્રેયસ અય્યરે બાઉન્ડરી લાઇન પર અદ્દભૂત કેચ પકડતાં સૂર્યા-રોહિત નવાઇ પામ્યા



મુંબઈ : IPLમાં બાઉન્ડ્રી લાઇન પર રિલે કેચ ઘણાં જોવા મળી રહ્યા છે. આજે પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ ઐયરે હાર્દિક પંડ્યાએ માર્કો યાનસેનના બોલને લોંગ ઓન તરફ ફટકાર્યો ત્યારે ત્યા ફિલ્ડીંગ કરી રહેલા. શ્રેયસ અય્યરે કેચ હવામાં અદ્ધર કુદીને ઝડપી લીધો પણ તે બાઉન્ડ્રી લાઇનની બહાર પડી રહ્યો હતો. તેણે બોલને નજીક આવી ગયેલા ઝેવિયર બાર્ટલેટ તરફ હવામાં ફેંક્યો, જેણે સરળતાથી કેચ પકડી લીધો હતો. આ આખી ઘટના મુબઈ ઇન્ડિયન્સના ડગ આઉટની નજીક થઇ હતી અને અય્યરના કેચને જોઇ સૂર્યકુમાર યાદવનું મોં ખુલ્લું રહી ગયું તો, રોહિત આશ્ચર્યથી સૂર્યા તરફ જોઈ રહ્યો.હતો.

| મુંબઇ ઇન્ડિયન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રિકલ્ટન કો.શશાંક બો.અર્શદીપ | 2 | 8 | 0 | 0 |
| ડિ કોક નોટઆઉટ | 112 | 60 | 8 | 7 |
| સૂર્યા કો.ચહલ બો.અર્શદીપ | 0 | 1 | 0 | 0 |
| નમન કો.બાર્ટલેટ બો.શશાંક | 50 | 31 | 3 | 3 |
| હાર્દિક કો.બાર્ટલેટ બો.યાન્સન | 14 | 12 | 0 | 1 |
| રધરફોર્ડ બો.અર્શદીપ | 1 | 5 | 0 | 0 |
| તિલક રનઆઉટ | 8 | 3 | 2 | 0 |
| રાવત નોટઆઉટ | 0 | 0 | 0 | 0 |

**કુલ (20 ઓવરમાં છ વિકેટે)** 195

**વિકેટપતન :** 1/12, 2/12, 3/134, 4/175, 5/182, 6/193

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| અર્શદીપ સિંહ | 4 | 0 | 22 | 3 |
| માર્કો યાન્સન | 4 | 0 | 30 | 1 |
| ઝેવિયર બાર્ટલેટ | 4 | 0 | 39 | 0 |
| વિજયકુમાર વ્યાસક | 3 | 0 | 36 | 0 |
| યુઝવેન્દ્ર ચહલ | 3 | 0 | 45 | 0 |
| શશાંક સિંહ | 2 | 0 | 19 | 1 |

# KKR પહેલી જીત માટે અને ગુજરાત ઘરઆંગણે સારો દેખાવ કરવા ઉત્સુક

**પોતાના** સ્ટાર સ્પિનરો સુનિલ નરિન અને વરુણ ચક્રવર્તીનું ખરાબ ફોર્મ કેકેઆરની સૌથી મોટી ચિંતા

**સાંજે** 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



અમદાવાદ, તા. 16 (પીટીઆઈ) : આઈપીએલની હાલની સિઝનમાં સતત નબળા પ્રદર્શનને કારણે દબાણ હેઠળ મૂકાયેલી કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) આવતીકાલે શુક્રવારે અહીં ફોર્મમાં ચાલી રહેલા ગુજરાત ટાઈટન્સ સામે રમાનારી મેચમાં ફોર્મમાં પાછા ફરીને પોતાની પહેલી જીત નોંધાવવાનો પ્રયાસ કરશે. સામે પક્ષે ગુજરાત ટાઇટન્સ ઘરઆંગણે પોતાનો સારો દેખાવ ચાલુ રાખવા ઉત્સુક રહેશે.

કેપ્ટન અજિંક્ય રહાણે અને કોચ અભિષેક નાયરના નેતૃત્વ હેઠળ કેકેઆર પાસે સ્પષ્ટ વ્યૂહરચનાનો અભાવ હોય તેવું લાગે છે અને તેણે અત્યાર સુધીમાં પાંચમાંથી ચાર મેચ ગુમાવી છે. હર્ષિત રાણા અને આકાશ દીપ ઘાયલ થયા બાદ ટુર્નામેન્ટ પહેલા તેમની બોલિંગ ખૂબ જ નબળી પડી ગઈ હતી. તેમની સૌથી મોટી ચિંતા સ્પિનરો સુનીલ નરિન અને વરુણ ચક્રવર્તીનું ખરાબ ફોર્મ છે, જેમણે હજુ સુધી ટુર્નામેન્ટમાં એક પણ વિકેટ લીધી નથી. મેદાનની અંદર અને બહાર કેટલાક નિર્ણયોને કારણે કેકેઆરની સમસ્યાઓમાં વધારો થયો છે. ટિમ સૈફર્ટ અને રચિન રવિન્દ્ર જેવા ખેલાડીઓને ટીમની બહાર રાખવા પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે, જ્યારે ટોસ જીત્યા પછી લેવાયેલા તેમના નિર્ણયો પણ સમજની બહાર છે. કેકેઆર દિશાહીન દેખાય છે. કેમરન ગ્રીન પણ પોતાની ઉપયોગીતા સાબિત કરવા સંઘર્ષ કરી રહ્યો છે. મનીષ પાંડે, રાહુલ ત્રિપાઠી અને સાર્થક રંજન જેવા ભારતીય બેટ્સમેનોને હજુ સુધી તક મળી નથી. જીત મેળવવા માટે કેકેઆરે પોતાની રણનીતિમાં ફેરફાર કરવો પડશે અને ત્રણેય વિભાગોમાં પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે. ગુજરાત ટાઇટન્સ પણ હજુ સુધી તેમના હોમ ગ્રાઉન્ડ પર જીતી શક્યું નથી. તેઓ અત્યાર સુધી રાજસ્થાન રોયલ્સ સામે પોતાની એકમાત્ર મેચ હારી ગયા હતા, પરંતુ તે પછી બે અવે મેચમાં બે જીત મેળવી છે.

### ખલીલ ઈજાના કારણે બહાર થતાં CSKને મોટો ફટકો

નવી દિલ્હી, તા. 16 : ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે)નો ઝડપી બોલર ખલીલ અહેમદને હિપ ઈજાને કારણે આઇપીએલમાંથી બહાર થઇ ગ.ો છે, જેનાથી મુશ્કેલીમાંથી પસાર થઇ રહેલી સીએસકેને મોટો ફટકો પડ્યો છે. આઈપીએલના એક સૂત્રએ જણાવ્યું આ ગ્રેડ ટુની ઈજા છે અને તેને સાજા થવામાં ઓછામાં ઓછા 10-12 અઠવાડિયા લાગશે. ખલીલે અત્યાર સુધી સીએસકે માટે પાંચેય મેચ રમી છે. 14 એપ્રિલે કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) સામેની મેચ દરમિયાન તેણે જમણા હિપમાં દુખાવાની ફરિયાદ કરી હતી. તેણે અત્યાર સુધી સારું પ્રદર્શન કર્યું છે અને તે તેમના બોલિંગ આક્રમણનો મુખ્ય સભ્ય હતો.

### સનરાઇઝર્સનો બોલર ડેવિડ પેન IPLમાંથી બહાર

નવી દિલ્હી, તા. 16 : સનરાઇઝર્સ હૈદરાબાદને ગુરુવારે વધુ એક ફટકો પડ્યો જ્યારે ઈંગ્લેન્ડનો ડાબોડી ઝડપી બોલર ડેવિડ પેન પગની ઘૂંટીની ઇજાને કારણે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની બાકીની મેચોમાંથી બહાર થઈ ગયો છે. પેને સનરાઇઝર્સ હૈદરાબાદ માટે પહેલી બે મેચ રમીને બે વિકેટ લીધી. સનરાઇઝર્સ હૈદરાબાદે ‘X’ પર એક પોસ્ટમાં લખ્યું કે ડેવિડ પેન પગની ઘૂંટીની ઇજાને કારણે IPL 2026 ના બાકીના મેચોમાંથી બહાર થઈ ગયો છે. તેના ઝડપી સ્વસ્થ થવાની શુભેચ્છા. નિયમિત કેપ્ટન પેટ કમિન્સ અત્યાર સુધી સ્ટ્રેસ ઈજામાંથી હવે સ્વસ્થ થઈ ગયો છે અને આ મહિનાના અંતમાં મેદાનમાં પાછા ફરે તેવી અપેક્ષા છે.

### ઘાયલ અંકોલેકરના સ્થાને ક્રિશ ભગત મુંબઇમાં સામેલ

મુંબઇ, તા. 16 : મુંબઈ ઈન્ડિયન્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની બાકીની મેચો માટે ઘાયલ અથર્વ અંકોલેકરના સ્થાને ક્રિશ ભગતનો ટીમમાં સમાવેશ કર્યો છે. સ્થાનિક ક્રિકેટમાં પંજાબ માટે રમતો 21 વર્ષીય ઓલરાઉન્ડર ક્રિશ એક ઝડપી બોલર અને ઉપયોગી નીચલા ક્રમનો બેટ્સમેન છે. તે છેલ્લા બે વર્ષથી મુંબઈ ઈન્ડિયન્સ ટ્રાયલનો ભાગ છે. મુંબઈ ઈન્ડિયન્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ક્રિશે પોતાના સમર્પણ અને મહેનતથી કોચિંગ સ્ટાફને પ્રભાવિત કર્યો છે.

# ફ્રેન્ચ ઓપનની ઈનામી રકમ વધીને 70 મિલિયન ડોલરથી વધુ થઈ

**24 મેથી** પેરિસના રોલાં ગેરો પર શરૂ થનારી ગ્રાન્ડસ્લેમ ટૂર્નામેન્ટની પ્રાઇઝમનીમાં 10 ટકાનો વધારો કરાયો

**પુરુષ-મહિલા** સિંગલ્સ ચેમ્પિયનને 2.8 મિલિયન યુરો મળશે, જ્યારે રનર્સ-અપને 1.4 મિલિયન યુરો મળશે જ્યાં 13 રસોઇયા ચાહકોને



પેરિસ, તા. 16 (એપી) : ફ્રેન્ચ ઓપનની ઈનામી રકમ લગભગ 10% વધારીને કુલ 61.7 મિલિયન યુરો અર્થાત 72.1 મિલિયન ડોલર કરવામાં આવ્યું છે. કુલ રકમમાં ગયા વર્ષની સરખામણીએ 5.3 મિલિયન યુરોનો વધારો થયો છે. રોલાં ગેરો ખાતે રવિવાર, 24 મેથી આ ગ્રાન્ડસ્લેમ ટૂર્નામેન્ટ શરૂ થશે.

પુરુષ અને મહિલા સિંગલ્સના વિજેતાઓને 2.8 મિલિયન યુરો, જ્યારે રનર-અપને 1.4 મિલિયન યુરો મળશે.

સેમીફાઈનલિસ્ટને 750000 યુરો અને પ્રથમ રાઉન્ડમાં હારનારા ખેલાડીઓને 870000 યુરો આપવામાં આવશે. પુરુષ અને મહિલા ડબલ્સના વિજેતાઓને 600000 યુરો અને મિક્ષ્ડ ડબલ્સના વિજેતાઓને 122000 યુરો મળશે.

ગયા વર્ષે, કાર્લોસ અલ્કારાઝે પાંચ સેટની ફાઈનલમાં યાદગાર વાપસી કરીને યાનિક સિનરને હરાવ્યો હતો, જ્યારે કોકો ગફે આર્યના સબાલેન્કાને હરાવીને મહિલા સિંગલ્સ ટાઈટલ જીત્યું હતું. ફ્રેન્ચ ટેનિસ ફેડરેશનના ડિરેક્ટર ગિલ્સ મોરેટને જણાવ્યું હતું કે ફ્રાન્સમાં વધુ ક્લે કોર્ટ્સ બનાવવા માટે મજબૂત રોકાણ કરવામાં આવશે, કારણ કે હાલમાં ફ્રાન્સમાં માત્ર 13% કોર્ટ્સ જ ક્લેના છે.

### કોર્ટની બાજુમાં શેફ્સ ગાર્ડન બનાવી ફ્રેન્ચ વાનગી પીરસાશે

આ વર્ષે ફ્રેન્ચ ઓપનમાં કોર્ટ સિમોન-મેથ્યુની બાજુમાં જાર્ડિન ડેસ શેફ્સ (શેફ્સ ગાર્ડન) બનાવવામાં આવશે, જ્યાં 13 ફ્રેન્ચ રસોઈયાઓ દરરોજ ચાહકો માટે ફ્રેન્ચ વાનગીઓ પીરસશે. ઉપરાંત, 3 થી 7 જૂન દરમિયાન કોનકોર્ડ સ્ક્વેર ખાતે મોટી સ્ક્રીન પર મેચો બતાવવામાં આવશે.

### ટુર્નામેન્ટમાં અગત્યના મુખ્ય ફેરફારો

- પુરુષ અને મહિલા ફાઈનલ પહેલાં ફ્રેન્ચ કોરિયોગ્રાફર બેન્જામિન મિલેપાઈડના માર્ગદર્શન હેઠળ છ મિનિટનો ઉદ્દઘાટન સમારોહ યોજાશે.
- ટૂર્નામેન્ટ ડાયરેક્ટર એમેલી મોરેસ્મોએ જણાવ્યું હતું કે, ખેલાડીઓ હવે પ્રથમ વખત મેદાન પર ડેટા એકત્રિત કરતા પોર્ટેબલ ઉપકરણો પહેરી શકશે, જેથી તેઓ તેમના શારીરિક પ્રદર્શન વિશે માહિતી મેળવી શકે.
- મોરેસ્મોએ ખેલાડીઓની પ્રાઈવસીના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે ખેલાડીઓને એકાંતની જરૂર છે જ્યાં કેમેરાની પહોંચ ન હોય.
- ફ્રેન્ચ ઓપન ઈલેક્ટ્રોનિક લાઇન-કોલિંગને બદલે માનવ લાઇન જજ રાખવાની પોતાની પરંપરા ચાલુ રાખશે.
- મોરેસ્મોએ મહિલાઓ માટે પાંચ સેટની મેચો યોજવાની શક્યતા વ્યક્ત કરી છે, પરંતુ તે માટે ખેલાડીઓ સાથે ચર્ચા કરવી જરૂરી હોવાનું જણાવ્યું હતું.
- શનિવારે રમાતી મેચોમાં ફેરફાર કરવામાં આવ્યો છે, હવે પુરુષ ડબલ્સની ફાઈનલ મહિલા સિંગલ્સની ફાઈનલ પહેલા રમાશે.

### મોનફિલ્સ-વાનરિન્કાને નિવૃત્તિ વિદાયમાન અપાશે

આ વખતની ફ્રેન્ચ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટમાં આ સિઝનના અંતે નિવૃત્ત થઈ રહેલા બે અનુભવી ખેલાડી ગેલ મોનફિલ્સ અને 2015ના ચેમ્પિયન સ્ટેન વાવરિન્કાને ખાસ નિવૃત્તિ વિદાયમાન આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# કાંબલીનું સ્વાસ્થ્ય બગડ્યું : વોટ્સઅપ સપોર્ટ ગ્રુપમાં સચિન જોડાયો



**નાણાકીય** અને લાગણીશીલ ટેકો પુરો પાડવા માટે નજીકના મિત્રો દ્વારા આ વોટ્સઅપ ગ્રુપ બનાવાયું

મુંબઈ, તા. 16 : વિનોદ કાંબલી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા છે, શારીરિક સુધારાના સંકેતો હોવા છતાં તેની રિકવરી હજુ પણ અધૂરી છે. નાણાકીય અને ભાવનાત્મક ટેકો પૂરો પાડવા માટે નજીકના મિત્રો દ્વારા બનાવવામાં આવેલા વોટ્સએપ ગ્રુપમાં ભારતીય ક્રિકેટ દિગ્ગજ સચિન તેંદુલકર જોડાયો છે.

કાંબલીના લાંબા સમયના મિત્ર માર્કસ કુટોના નેતૃત્વમાં આ પહેલ ઘણા માજી ક્રિકેટરો અને શુભેચ્છકોને એકસાથે લાવી છે. આ પ્રયાસ વિશે વાત કરતા, કુટોએ સપોર્ટ સિસ્ટમ અને કાંબલીની વર્તમાન સ્થિતિ બંને પર પ્રકાશ પાડતાં કહ્યું હતું કે મેં તેના મિત્રો સાથે એક વોટ્સએપ ગ્રુપ બનાવ્યું છે, અને તેઓ ઘણું આર્થિક યોગદાન આપે છે. તેણે ઉમેર્યું હતું કે તેની યાદશક્તિ સારી નથી, પણ છેલ્લા છ મહિનામાં, તેમાં પણ ઘટાડો થયો નથી. તે ઘણું યાદ રાખી શકતો નથી, પણ જ્યારે કંઈક ક્લિક થાય છે, ત્યારે તે યાદ રાખે છે.

### FIFA પ્રમુખને વિશ્વાસ : યુદ્ધ છતાં ઈરાન વર્લ્ડકપમાં રમશે

વોશિંગ્ટન, તા. 16 (એપી) : ફિફાના પ્રમુખ ગિયાની ઈન્ફન્ટિનોએ બુધવારે જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે યુદ્ધ હોવા છતાં ઈરાન ચોક્કસપણે વર્લ્ડકપમાં ભાગ લેશે. યુએસ અને ઈઝરાયલી હુમલાઓએ ટુર્નામેન્ટમાં ઈરાનની ભાગીદારી પર શંકા વ્યક્ત કર્યા બાદ, ઈન્ફન્ટિનોએ સીએનબીસીના ઈન્વેસ્ટ ઈન અમેરિકા ફોરમમાં જણાવ્યું હતું કે વર્લ્ડ કપમાં ઈરાનની ભાગીદારી મહત્વપૂર્ણ છે. ઈરાની ટીમ ચોક્કસપણે વર્લ્ડકપમાં ભાગ લેશે. ઈન્ફન્ટિનોએ કહ્યું કે અમને આશા છે કે ત્યાં સુધીમાં પરિસ્થિતિ શાંત થઈ જશે. તે ચોક્કસપણે મદદ કરશે. પરંતુ ઈરાને આવવું પડશે. તેઓ તેમના લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ ક્વોલિફાય થયા છે. ખેલાડીઓ રમવા માંગે છે. ફિફા પ્રમુખ બે અઠવાડિયા પહેલા તુર્કીના અંતાલ્યામાં ઈરાની રાષ્ટ્રીય ટીમને મળ્યા હતા. તેમણે કહ્યું કે હું તેમને મળવા ગયો હતો. તેમની પાસે ખરેખર સારી ટીમ છે. તેઓ ખરેખર રમવા માંગે છે, અને તેમને રમવું જોઈએ. રમતગમતને હવે રાજકારણથી અલગ રાખવી જોઈએ.

## અનુસંધાન ... પાના પહેલાનું

**કરાર નહીં કરશો...**

અમેરિકી જનરલ ડેન કેને જણાવ્યું કે અત્યાર સુધી નૌકાબંધીના કારણે ૧૩ જહાજો પાછા ફર્યા છે. આમાંથી મોટાભાગના જહાજો નાકાબંધી સીમાની અંદર પહોંચીને પાછા ફર્યા, જ્યારે એક જહાજે પહેલા જ રસ્તો બદલી લીધો હતો.

**કૂડની તંગી વચ્ચે ઓસ્ટ્રેલિયાએ અન્ય વિકલ્પો શોધ્યા**

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનિસે જણાવ્યું હતું કે તેમની સરકારે ઈરાન યુદ્ધના કારણે વધેલા ભાવે ડીઝલ ઈંધણના બે શિપમેન્ટ પૈકીના પ્રથમ શિપમેન્ટની જવાબદારી સ્વીકારી છે. કુઆલાલમ્પુર ખાતે મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ સાથેની પત્રકાર પરિષદમાં ગુરુવારે અલ્બેનિસે જણાવ્યું હતું કે, વિવા એનર્જી બ્રુનેઈ અને દક્ષિણ કોરિયાથી 5,70,000 બેરલથી વધુ ડીઝલ લાવી રહી છે.

**નાકાબંધીને કારણે ૧૩ જહાજો પાછા વળી ગયા**

કોઈપણ જહાજ જે નાકાબંધી નજીક આવે છે, તેને સૌપ્રથમ પાછા વળી જવા અથવા તો તપાસ માટે જહાજ પર સવાર થવાની (બોર્ડિંગની) ચેતવણી આપવામાં આવે છે. કેને જણાવ્યું કે, ચેતવણીરૂપ ગોળીબાર અને અન્ય આક્રમક રણનીતિઓનો પણ ઉપયોગ થઈ શકે છે. કેને કહ્યું કે અત્યાર સુધી એક પણ જહાજ પર તપાસ માટે સૈનિકોએ સવાર થવાની જરૂર પડી નથી. તેમણે ઉમેર્યું, તેર જહાજોએ પાછા વળી જવાનો સમજદારીભર્યો નિર્ણય લીધો છે.

**મહિલા અનામત...**

આ માટે સમાજવાદી પાર્ટી, ટીએમસી (TMC) અથવા ડીએમકે (DMK) જેવા મોટા પક્ષોનું તટસ્થ રહેવું કે ગેરહાજર રહેવું અનિવાર્ય બની જાય છે.

**રાજ્યસભાની સ્થિતિ**

લોકસભામાં સફળતા મળે તો જ રાજ્યસભામાં બિલ જઈ શકે. ત્યાં NDA પાસે ૧૪૧ સભ્યો છે, પરંતુ બંધારણીય સુધારા માટે ૧૬૩ સાંસદોની હાજરી અને મતદાન જરૂરી છે. અહીં BRS, YSRCP, BJD અને BSP જેવા પક્ષોના ૨૦ સાંસદો ‘કિંગમેકર’ સાબિત થઈ શકે છે.

**મુખ્ય અવરોધો અને વિવાદ**

**નવીન પટનાયકનો વિરોધ:** BJD પ્રમુખ નવીન પટનાયકે મહિલા બિલને સમર્થન આપ્યું છે, પરંતુ ‘સીમાંકન બિલ’ (Delimitation Bill) સામે વાંધો ઉઠાવ્યો છે, કારણ કે તેમને લાગે છે કે તે ઓડિશાના હિતો માટે ખતરો છે.

**પીએમ મોદીની ઓફર:** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદમાં વિરોધ પક્ષને ‘બ્લેન્ક ચેક’ આપવાની તૈયારી દર્શાવી છે–એટલે કે જો સૌ સાથે મળીને બિલ પસાર કરાવે, તો તેનું તમામ શ્રેય વિરોધ પક્ષ લઈ શકે છે.

**મતદાનની સ્થિતિ:** ૧૩૧મા સુધારા બિલની રજૂઆત સમયે જ ૨૫૧ વિરુદ્ધ ૧૮૫ મતો સાથે ભારે રસાકસી જોવા મળી હતી.

**દિલ્હી એરપોર્ટ પર...**

જેટના બોઈંગ 737-700 વિમાન, જે ફ્લાઇટ એસજી 124 ઓપરેટ કર્યા પછી ફાળવેલ પાર્કિંગ બે તરફ જઈ રહ્યું હતું, તેની વિંગલેટ અકાસાના બોઈંગ 737 વિમાનના હોરિઝોન્ટલ ટેઇલ સરફેસ સાથે અથડાઈ હતી, જે ફ્લાઇટ માટે પુશ-બેક પછી એપ્રોન પર ઊભું હતું. નિવેદનમાં જણાવાયું છે કે, આ અથડામણને કારણે સ્પાઇસ જેટના વિમાનની જમણી બાજુની પાંખ અને અકાસા એરના વિમાનના એચટીએસને નુકસાન થયું હતું. ડીજીસીએ આ બાબતે વધુ તપાસ કરી રહ્યું છે.

**ફેરસીમાંકનમાં કોઇ...**

સ્વાભાવિક છે કે મને રાજકીય લાભ મળશે, પરંતુ જો તમે સાથે ચાલશો તો કોઈને પણ રાજકીય ફાયદો થશે નહીં. અમારે શ્રેય જોઈતો નથી. સીમાંકન પ્રક્રિયા અંગે કેટલાક રાજ્યો, ખાસ કરીને દક્ષિણ અને પૂર્વના રાજ્યોની આશંકાઓને દૂર કરતા વડાપ્રધાને કહ્યું કે આ પગલા હેઠળ કોઈ પણ રાજ્ય સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું, હું આજે આ ગૃહમાંથી ખૂબ જ જવાબદારી સાથે કહેવા માંગુ છું કે તે દક્ષિણ હોય, ઉત્તર હોય, પૂર્વ હોય કે પશ્ચિમ હોય, નાના રાજ્યો હોય કે મોટા રાજ્યો હોય, આ નિર્ણય લેવાની પ્રક્રિયામાં કોઈ પણ રાજ્ય સાથે ભેદભાવ કે અન્યાય કરવામાં આવશે નહીં. મોદીએ એ પણ સ્પષ્ટ કર્યું હતું કે સીમાંકન પ્રક્રિયાના પરિણામે કોઈ પણ રાજ્યમાં લોકસભાની બેઠકોનું પ્રમાણ ઘટશે નહીં. તેમણે કહ્યું, તે પ્રમાણમાં કોઈ ફેરફાર થશે નહીં અને જે વધારો થશે તે પણ સમાન પ્રમાણમાં જ હશે. વડાપ્રધાને કહ્યું કે કોઈએ એવા ભ્રમમાં ન રહેવું જોઈએ કે તેઓ દેશની મહિલાઓને કંઈક આપી રહ્યા છે, કારણ કે ધારાસભ્યોમાં અનામત એ તેમનો અધિકાર છે. લોકશાહીની જનની તરીકે તેમણે કહ્યું કે ભારતની સાંસ્કૃતિક પ્રતિબદ્ધતા છે કે મહિલાઓને તેમનો યોગ્ય અધિકાર આપવામાં આવે. તેમણે કહ્યું, આ પ્રતિબદ્ધતાને કારણે જ અમે આગળ વધી રહ્યા છીએ. આપણે એવા ભ્રમમાં ન રહીએ કે આપણે દેશની મહિલાઓને કંઈક આપી રહ્યા છીએ, બિલકુલ નહીં. આ તેમનો અધિકાર છે. તેમણે કહ્યું કે ૨૦૨૩ માં, સંસદે સર્વાનુમતે ‘નારી શક્તિ વંદન અધિનિયમ’ પસાર કર્યો હતો, જે મહિલા અનામત કાયદાનું સત્તાવાર નામ છે. તેમણે પૂછ્યું, સમગ્ર દેશમાં આનંદમય વાતાવરણ હતું અને તેની સાથે કોઈ રાજકીય રંગ જોડાયેલો નહોતો. તેથી તે રાજકીય મુદ્દો બન્યો ન હતો. હવે સવાલ એ છે કે આપણે તેને ક્યાં સુધી ટાળતા રહેવું છે? વડાપ્રધાને કહ્યું કે ભારતની વિકાસ યાત્રામાં સાંસદોને મહિલાઓને નિર્ણય લેવાની પ્રક્રિયાનો ભાગ બનાવવાની તક મળી છે.

**દિલ્હી ડાયરી...**

હતું કે, તેનાથી કોઇ ખતરો નથી અને કદાચ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા અને આતંકવાદી તાલીમ માટે મ્યાનમાર જઈ રહ્યા હતા. તેમ છતાં, ભારત સરકાર કથિત રીતે સીઆઇએ એસેટ મનાતા અમેરિકન નાગરિક મેથ્યુ વેન ડાઇકનો ઉપયોગ ભૂતપૂર્વ આરએન્ડએડબ્લ્યુ એજન્ટ વિકાસ યાદવના યુએસ પ્રત્યાર્પણને રોકવા માટે સોદાબાજી તરીકે કરી શકે છે.

**કેરળની રાજનીતિમાં એ.કે. એન્ટોનીનું પુનરાગમન**

કેરળના ચૂંટણી મેદાનમાં લાંબા સમયથી યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ - યુડીએફ (કોંગ્રેસના નેતૃત્વ હેઠળ)ના સ્ટાર પ્રચારક એ.કે. એન્ટોની કાસરગોડથી તિરુવનંતપુરમ સુધી રોડ શોનું નેતૃત્વ કરતા જોવા મળે છે, પરંતુ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીથી ૮૫ વર્ષીય કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન સક્રિય રાજકારણથી દૂર રહ્યા હતા. તેમના અગાઉના ટીકાત્મક નિવેદનોએ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા (માર્કસિસ્ટ)ના નેતૃત્વ હેઠળના લેફ્ટ ડેમોક્રેટિક એલાયન્સ (એલડીએફ)નો રોષ વહોર્યો હતો, ખાસ કરીને ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણી દરમિયાન જ્યારે તેમણે રાજકીય કથા ઘડવામાં મદદ કરી હતી. આ વખતે ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં એન્ટોનીએ તિરુવનંતપુરમમાં પ્રદેશ કોંગ્રેસના મુખ્યાલય ‘ઇન્દિરા ભવન’ ખાતે પત્રકાર પરિષદ યોજી હતી અને યુડીએફની ભવ્ય જીતની આગાહી કરી હતી.